# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સરદાર પટેલનું નેતૃત્વ

અંજનાબેન એમ. પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર
શ્રી જે.એમ.પટેલ આર્ટસ કોલેજ, આણંદ

બેરિસ્ટર થયા બાદ વિલાયતથી પાછા ફર્યા બાદ વલ્લભભાઈની અમદાવાદમાં વકીલાત ખૂબ જામી. અમદાવાદ મ્યુનિસિપાલિટી અને ગુજરાત ક્લબમાંના તેમના મિત્રોના આગ્રહને વશ થઈને ૧૯૧૩ માં સરકારે બરતરફ કરેલી અમદાવાદ મ્યુનિસિપાલિટીની ૧૯૧૫ માં ફરીથી ચૂંટણી થઇ. ગોરા અમલદાર એવા કમિશનર તરીકે મુકાયા અને તેમના ઘમંડી, મિજાજી અને ઉદ્ધત વહીવટનો યોગ શરૂ થયો. સુધરાઇના ચૂંટાયેલા સભ્યો મ્યુનિસિપાલિટીના કમિશનર શિલડીની જોહુકુમીથી ત્રાસી જતા તેમને બેરિસ્ટર વલ્લભભાઇ જેવી નીડર વ્યકિતમાં તારણહારનાં દર્શન થયાં. મિત્રોના આગ્રહથી વલ્લભભાઈએ સુધરાઈની ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો, પણ હકીકતમાં શહેરની સ્વચ્છતા અને તંદુરસ્તીમાં તેઓને ઊંડો રસ હતો.૧ એટલે તેમને સુધરાઇ પ્રવેશ માટેની તૈયારી દર્શાવી. દરિયાપુર વોર્ડના સુધરાઈ સભ્ય અહમદમિયાં સફરૂદ્દીન ગુજરી જતાં એ બેઠકની પેટાચૂંટણી ૫ જાન્યુઆરી ૧૯૧૭ ના રોજ થઈ. પણ તેમાં માત્ર એક વોટની સરસાઈથી જીતેલા વલ્લભભાઈના પ્રતિસ્પર્ધી બેરિસ્ટર ગુલામ મુહીદ્દીન નરમાવાલાએ તેમની ચૂંટણીને પડકારી. ૨૩ માર્ચના રોજ ડિસ્ટ્રિક્ટ જજ શ્રી કેનેડીએ વલ્લભભાઇની ચૂંટણી રદ જાહેર કરી. ૧૪ મે ના રોજ ફરી ચૂંટણી થઇ. તેમાં બીજો કોઇ ઉમેદવાર ન હોવાથી વલ્લભભાઇ બિનહરીફ ચૂંટાયા.૨

મ્યુનિસિપાલિટીમાં પ્રવેશતાં વેંત એમણે પરિસ્થિતિ પારખી લીધી. મ્યુનિસિપાલિટીમાં ચાલીસ કાઉન્સિલરો હતા. તેમાં કોઇ રાજકીય પક્ષ ન હતો. પ્રમુખ રમણભાઈ મહીપતરામ નીલકંઠ અને મેનેજિંગ કમિટીના ચેરમેન હરિલાલ દેસાઈભાઇ દેસાઇ સાચા દિલથી શહેરની સેવા કરવાની ધગશ અને આવડત ધરાવતા હતા. સરકારના અન્યાય અને જોહુકમી સામે તેઓ પણ વિરોધ કરતા હતા. એટલે વલ્લભભાઇ તેમની સાથ મળીને કામ કરવામાં વાંધો ન આવ્યો. વલ્લભભાઈએ અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં જઈને ત્રણ પ્રકારે કામ કર્યું. પહેલું કામ માથાભારે અમલદારો સીધા ચાલે તે જોવાનું હતું. એમ કરતાં કલેક્ટર, કમિશનર અને મુંબઇ સરકાર સામે લડવું પડે તો લડતા વલ્લભભાઇ અચકાતા નહિ. બીજું, બંને સુધરાઇનું ખરેખરું કામ તો શહેરના લોકોની સગવડો વધારવાનું હતું. વલ્લભભાઈએ એ કામ એટલી

૧ દોશી, યશવંત, પૂર્વોક્ત, પૃ.૩.
૨ એજન, પૃ. ૩૬.

કુશળતાથી કર્યું કે શહેર સુધરાઈના ઈતિહાસમાં એમનું નામ કાયમ લેવામાં આવે એવી પ્રતિષ્ઠા એમને મળી. સુધરાઈનો એક ત્રીજો ઉપયોગ પણ એમણે કર્યો. સુધરાઈના મુખ્ય કામને આંચ ન આવે તે રીતે દેશના સ્વાતંત્ર્ય જંગમાં પણ તેમને યથાશકિત ભાગ લેવડાવ્યો. કેટલાક બનાવો એવા બન્યા કે સુધરાઈની પોતાના અધિકારો માટેની લડત પણ દેશની સ્વતંત્રતાની લડતનો ભાગ બની ગઈ.૩

ઈ.સ.૧૯૧૪ માં નવી સુધરાઈમાં વહીવટી અધિકારી તરીકે ચીફ ઓફિસરને બદલે આઈ.સી.એસ. કક્ષાના મ્યુનિસિપાલિટી કમિશનરને હોદ્દો ઊભો કર્યો. આ હોદ્દાનું પગાર ધોરણ પણ વધુ હતું તેથો ઉહાપોહ થયો. કારણ સુધરાઈની પાંખી આવક સાથ મોંઘા હોદ્દાનો મેળ બેસતો નહતો. વળી, કમિશનરથો બધા ડરતા રહે, અને અમલદારે સભ્યો પર શિરજોરી કરી પોતાનું ધાર્યું કરાવી લે. વિરોધ છતાં સરકારે આ તરફ ધ્યાન આપ્યું નહીં. શને ૧૩-૧૧-૧૯૧૫ થો શ્રી જે.એ. શિલડી નામના ગોરા આઈ.સી.એસ.ની મ્યુનિસિપાલિટી કમિશનર તરીકે નિમણૂક થઇ. આ શિલડી મિજાજી, તોરી, ઘમંડી અને ઉદ્ધત હતો. બધાની ઈચ્છા આ હોદો કાઢી નાખવાની જ હતી, પણ કામ કોણ કરે ? બધાની નજર વલ્લભભાઈ પર પડી. શિલડી સામેનાં પગલાંથો વલ્લભભાઈની ખરી કામગીરીનો પ્રારંભ થયો.

આ સમયે કાંકરિયા નજીક શુષ્કર તળાવ હતું. તે મ્યુનિસિપાલિટીની પાસે હતું. મ્યુનિસિપાલિટી એ તળાવ પૂરવા માગતી હતી. પણ આસપાસના કારખાનાવાળાઓએ શિલડી દ્વારા તળાવ જેમનું તેમ રખાવવા પ્રયાસ કર્યો. તેણે 'તળાવ મ્યુનિસિપાલિટીની માલિકીનું નથી, તે એને કંઈ ઉપયોગનું નથી' એવીં બહાનાં કરી તળાવનો કબજો મુનશીને આપવા ભલામણ કરી.

આ ઘટનાનાં ત્રણ જ અઠવાડિયાંમાં વલ્લભભાઈએ જનરલ બોર્ડની મિટિંગમાં શિલડી સામે ઠપકાનો ઠરાવ રજૂ કર્યો. અને તા.૭-૬-૧૯૧૭ ની મિટિંગમાં તે પસાર થયો. સરકાર તરફી સભ્યો આ ઠરાવ જોઈ ડઘાઈ જ ગયા. તેમણે ઠરાવને મોળો પાડવા ફાંફાં માર્યાં પણ અંતે ઠરાવ ૮ વિરૂદ્ધ ૨ મતની બહુમતીથો પસાર થયો. ઠરાવ મળ્યા પછી તરત ૩૧-૮-૧૭ થો સરકારે શિલડીની બદલી કરી નાખી.૪

અમદાવાદ મ્યુનિસિપલમાં કમિશનર અને એ જમાનના જે હાકેમો આવતા તે બધા ગોરાઓ હતા. ત્યારે એક ગોરા ઓફિસરે એ જમાનામાં રૂ.૩૦૦ મોટર એલાઉન્સ માટે માંગ્યા. વલ્લભભાઈએ એમ કહ્યું કે, ''મારા અમદાવાદ શહેરમાં માથ મેલું ઊંચકનારને રૂ.૧૦ આપી શકતો નથી, હું તમને રૂ.૩૦૦ કઈ રીતે આપી શકું? તમારે કામ કરવું હોય તો ચાલીને આવો.''૫ આ ઘટના બાદ મ્યુનિસિપાલિટી બોર્ડની અનેક બેઠકો મળી જેમાં સરદાર પટેલે કમિશનરને ઘણા પ્રશ્નો પૂછયા અને છેવટે કમિશનરે કંટાળીને તા.૧૨-

૩ પાઠક, રામનારાયણ ના., પૂર્વોક્ત, પૃ.૪૦.

૪ દોશી, યશવંત, પૂર્વોક્ત, પૃ. ૩૮.

૫ ભટ્ટ,સિદ્ધાથ ન., અમદાવાદ શહેર સુધરાઈ અને સરદારશ્રી, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૧૯૯૬, પૃ.૨૨.

૦૯-૧૯૧૮ ના રોજ વિદાય લીધી. જેમાં સરદારે જરાય કડવાશ રાખ્યા વિના વિદાય આપી.૬

આમ, સરદારે કચેરીમાં જે પોતાની વગ જમાવીને બેઠેલા અને પોતાની પ્રજા પ્રત્યેની ફરજ ન બજાવતા હોય તેવા લોકોને કુનેહપૂર્વક અમદાવાદ મ્યુનિસિપાલિટીમાંથી રવાના કર્યા.

આ જ અરસામાં અમદાવાદમાં ઓનરેબલ, રાવબહાદુર, રાવસાહેબ ખાનબહાદુર, સરદાર બહાદુર બેરોનેટ વગેરે પૂછડાં ધરાવનારાઓનો એક અધિકારી વર્ગ સરકારતરફી અસ્તિત્વ ધરાવતો હતો. આ વર્ગ સરકારની ખુશામત, ઇલ્કાબ મેળવવાની લાલસા અને સત્તાના નશામાં કાયદાનો ભંગ પણ કરતા હતા. અમદાવાદના ઓનરરી ફર્સ્ટ કલાસના મેજિસ્ટ્રેટની પાસે મ્યુનિસિપાલિટીએ ટેકસનાં નાણાં લેવાનાં બાકી હતાં, પરંતુ આ મહાનુભાવનો રુઆબ, સત્તા આગળ કોઈ ટેક્ષ માંગવાની હિંમત કરતું ન હતું. તેથી આ બાબતમાં સરદાર પટેલે સ્વયં ચોપડા ચકાસી, યાદી તૈયાર કરી. મ્યુનિસિપાલિટી બોર્ડના પ્રમુખને ઘેર્યા. આ સંદર્ભની એક પ્રશ્નોત્તરી બોર્ડમા થઇ, તા.૧૯-૧૨-૧૯૧૮ નાં રોજ.

સરદારઃ અમદાવાદના એક ઓનરરી ફર્સ્ટ કલાસ મેજિસ્ટ્રેટની પાસે મ્યુનિસિપાલિટી ટેક્ષના નાણાં બાકી છે એ વાત શું ખરી છે?
પ્રમુખઃ હા
સરદારઃ જો ખરું હોય તો પ્રમુખશ્રી મહેરબાની કરીને તેમનું નામ જણાવશો.
પ્રમુખઃ ખાન બહાદુર હુસેનખાન ધનેખાન
સરદારઃ બાકી રહેલાં નાણાંની રકમ કેટલી હતી?
પ્રમુખઃ તા.૨-૯-૧૮ ના રોજ રૂ.૨૭૪.૧૨.૦ હતી. તેમાંથી કેટલીક રકમ તો ૧૯૧૩-૧૪ ની સાલથી પણ લેણી પડે છે.
સરદારઃ આટલી મોટી રકમ કેમ બાકી રહેવા દીધી? શુ તેમના પેન્શનમાંથી કાપી લેવા ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટને લખ્યું છે?
પ્રમુખઃ કાર્યવાહી ચાલે છે.
સરદારઃ આ ઉપરાંત અન્ય કેટલાક લોકોએ પણ ટેકસનાં નાણાં ભર્યાં નથી. તેમની સામે પણ જપ્તી વોરંટ કાઢયાં હોય તો તેનું શું પરિણામ આવ્યું છે?
પ્રમુખઃ હા, કાઢયાં છે.
સરદારઃ તે ટેકસની રકમ બાકી રહી તે મુદત દરમ્યાન તે ટેકસ વસૂલ નહિ આપનારે મ્યુનિસિપલ મેજિસ્ટ્રેટ તરીકે કેટલી મુદત કામ કર્યું ?
પ્રમુખઃ જેટલો વખત તે બાકી હતી તે બધો વખત તેમણે મ્યુનિસિપલ મેજિસ્ટ્રેટ તરીકે કામ કર્યું છે?૭

---

૬ કાદરી, રીઝવાન, સરદાર પટેલ એક સિંહ પુરુષ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, બીજી આવૃત્તિ૨૦૦૩, પૃ. ૩૮.

૭ એજન, પૃ.૫૪.

આમ, સરદાર પટેલે અધિકારીઓ-પ્રમુખો પાસેથી તીખા શબ્દોનાં બાણ મારી કુંભકર્ણની ઊંઘમાંથી જગાડીને તંત્રને દોડતું કર્યું. મહાનુભાવો અને અધિકારીઓએ પોતાની આ વાત ગામમાં ચર્ચાશે એ ડરથી નાણાં ભર્યાં.

તેમણે મ્યુનિસિપાલિટીમાં નોકરીમાં ભણેલા ગણેલા સ્નાતકોને લેવા માટે મ્યુનિસિપાલિટીના બોર્ડના કાનૂન નં.૨૫૮ માં ફેરફાર કરવાની દરખાસ્ત મૂકી. જેનાથી સરકાર નિયુકત સભ્ય ચાહેવાલાએ બેંજામીનના ટેકાથી સુધારો કરીને ખૂબ જ ચર્ચા કરીને ગૂજરાત વિદ્યાપીઠની ટીકા કરી. સરદારે છેવટે ચાહેવાલાની બોલતી જ બંધ કરી દીધી.

ચાહેવાલાઃ મ્યુનિસિપાલિટી નોકરીમાં દાખલ થનારી મેટ્રિક્યુલેટ અગર ગ્રેજ્યુએટને ગુજરાતી ઉપરાંત અંગ્રેજી આવડવું જોઈએ.
વલ્લભભાઈઃ મિ. ચાહેવાલા, તમને ગુજરાતીમાં બોલતા અમે શીખવ્યું છે.૮
છેવટે દરખાસ્ત અને સુધારા પર મત લેવાતાં દરખાસ્ત વધુ મતે પસાર થઈ. આ સુધારેલો નિયમ મંજૂરી માટે સરકારમાં મોકલવામાં આવ્યો હતો અને સરકારે તે મંજૂર પણ રાખ્યો હતો.

તો બીજી તરફ સરકારશ્રીના નેતૃત્વ વખતે ૨૯-૩-૧૯૨૫ સુધી અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ફોન આવ્યો ન હતો. તેથી પ્રમુખ, ચીફ ઓફિસર, હેલ્થ ઓફિસર અને મ્યુનિસિપલ એન્જિનીયરની કચેરીમાં વાતચીત કરવા સરદાર પટેલે મેનેજિંગ કમિટીની સામાન્ય સભામાં કામ નં.૭ (તા.૧૨-૦૧-૨૫) હાથ ધરવામાં આવ્યું, અને એ ઠરાવ તા.૨૪-૧૨-૨૫ના રોજ કરવામાં આવ્યો અને ઉપરોક્ત કચેરીઓમાં રૂા.૨૮૦ ના ખર્ચે ટેલિફોન જોડાણ નાખવાની વાત સ્વીકારવામાં આવી.

આ ચર્ચામાં સરદારે જણાવ્યું કે, મત આપવાનો હકક વધાર્યા બાદ હાલ લોકોની અરજીઓ બેવડી આવે છે અને અરજદારો મારી પાસે સીધા અરજી લઈને આવે છે અને અરજી જે ખાતાની હોય તેના સંબંધમાં પૂછપરછ કરવા વારંવાર અમલદારાએ મારી પાસે આવવું પડે છે. તથા કામમાં ખલેલ પડે છે. આ બાબતથી ટેલિફોન જોડાણની જરૂર છે.૯

તે તછી તા.૩૦-૦૩-૧૯૨૫ ના રોજ મળેલી સભામાં મ્યુનિસિપાલિટી પ્રમુખ તથા ચીફ ઓફિસરની કચેરીમાં રૂા.૧૯૫.૦૦ ના વાર્ષિક ખર્ચે ટેલિફોન જોડાણની મંજૂરી આપવામાં આવી હતી.
અહીં સરદાર સનદી અધિકારીઓ પાસે જેટલું કડકાઈ-સખતાઈથી કામ લે છે તે પ્રમાણે સામે પક્ષે તેમની સગવડ-સુવિધાના પણ ખ્યાલ રાખે છે તેવો જ એક પ્રસંગ કાપડ ખરીદી પ્રસંગે બને છે.
સરદાર પટેલે મ્યુનિસિપાલિટીમાં ખાદી પહેરવાની ભલામણ કરી. આ વાત પર ઘણાં સભ્યોએ નારાજગી

૮ એજન, પૃ.૨૪૭.
૯ એજન, પૃ.૨૬૮.

દર્શાવી. પરંતુ સરદારે તે બધાને સ્પષ્ટ કહ્યું કે, આ તો ભલામણ છે, પણ હવે જરૂર પડશે તો વટહુકમરૂપે કાઢવામાં આવશે. સરદાર પટેલે સ્વયં ખાદીનાં કપડાની ભલામણ કરી હોવા છતાં ચીફ ઓફિસર ભગત પરદેશી કાપડ ખરીદીને ઉહાપોહ કરે છે. મ્યુનિસિપાલિટી પટાવાળા માટે ખરોદાયેલું હંસ છાપ અમેરિકન જીન માટે 'પ્રજાબંધુ'ના તંત્રીલેખમાં આકરી ટીકા કરવામાં આવી. છેવટે મ્યુનિસિપલ પ્રમુખ કે મેનેજિંગ કમિટીની પરવાનગી વગર ઈશ્વરલાલ ભગતે ખરીદેલ જીનથી ઘણા કાઉન્સિલરોને મ્યુનિસિપાલિટીનું અપમાન થયું છે, તેમ લાગતાં કાળીદાસ ઝવેરી અને અન્ય ૧૮ કાઉન્સિલરોની સહીથી એક રેકિવઝીશન પ્રમુખ સરદાર પટેલને મોકલવામાં આવ્યું તથા પરદેશી ખરીદી પર નાપસંદગી દર્શાવવામાં આવી.

આ દરમ્યાન સરદાર પટેલે કહ્યું, '' આ ઠરાવ હું લાવ્યો નથી. તે ૧૮ જણાની સહીથી આવ્યો છે. આ બાબતમાં મારી અંગત વાત હોય તો ઉદારતા બતાવવી. મને સાઠ જણાએ ચૂંટ્યો છે. તેમના પ્રત્યે મારી જવાબદારી પણ છે. તમે અમલદારોને આમ મારી સામે મૂકી મારું અપમાન કરવા માંગતા હો તો બહેતર છે કે તમે કાઢી મૂકો.૧૦

અહીં સરદાર પટેલની અધિકારીઓના કામમાં દખલ ન કરવાની વૃત્તિ અને તેમને સ્વતંત્ર રીતે કાર્ય કરવા દેવાની મનોવૃત્તિ- નેતાગીરીનાં દર્શન થાય છે. પોતાના વિચારથી વિરૂદ્ધ ખરીદી છે, છતાં સરદાર કાર્યપ્રણાલી અને પોતાની વિચારધારા એક કરીને સરમુખત્યાર નથી બનતા.

તો બીજી તરફ ગેરવહીવટ હોય તો અધિકારીને રાજીનામું આપવા મજબૂર પણ કરતા. સને ૧૯૧૬ ના અરસામાં સરદાર પટેલ મ્યુનિસિપાલિટી સાથ સંકળાયેલા ન હતા. પરંતુ શહેરના જવાબદાર નાગરિક તરીકે ઈજનેર મેકાસેનની ગેરઆવડતની નોંધ લેતા હતા. શહેરના ઊંચાણવાળા વિસ્તારમાં નળ તો માત્ર શોભાના જ મૂકવામાં આવ્યા હતા. ૧૯૧૪માં ઢાળની પોળના રહીશોએ કમિટી ઓફ મેનેજમેન્ટને નોટિસ આપી કે, અમને પાણી નહિ મળે તો અમે દાવો માંડીશું.'

કમિટીએ સમસ્યાનું સમાધાન કરવાને બદલે જો દાવો થાય તો મિકાસેનનો બચાવ કરવાનું નક્કી કર્યું. હજુ તો શિયાળો ચાલુ રહ્યો છે અને શહેરમાં આટલી બધી પાણીની તંગી હાય તો ઊનાળામાં શું દશા થાય? પાણીના પ્રશ્ને સારો એવો ખળભળાટ હતો. સરદાર પટેલ તા.૨૩-૦૭-૧૯૧૭ થી સેનેટરી કમિટિના ચેરમેન બન્યા પછી પણ પાણીના પ્રશ્ને ખાસ્સા ચિંતિત હતા. અને મ્યુનિસિપાલિટી એન્જિનિયર મેકાસેનને તાત્કાલિક જરૂરી પગલાં લઇ પાણીની તંગી દૂર કરવા જણાવતા હતા, પણ પરિણામ શૂન્ય જ હતું. આ માટે અગાઉ અમદાવાદ આવી ચૂકેલા સરકારના કન્સલ્ટિંગ ઈજનેર જી.એચ. થિસલ્ટન ડાયરને બોલાવવામાં આવે તેમ તા.૧૭-૧-૧૯૧૮ ના રોજ નિર્ણય લેવાયો. આ અધિકારી જે દિવસે અમદાવાદ આવ્યા ત્યારે જુદા જુદા સ્થળોની મુલાકાત લીધી હતી. મિ. પ્રાટ, મેકાસે, ડાયર અને સરદાર પહોંચ્યા ઊંચાણવાળી ઢાળની પોળમાં. ત્યાં વાત દરમ્યાન પ્રાટ બોલ્યા, 'તમારે મ્યુનિસિપાલિટી

---

૧૦ એજન, પૃ.૨૭૩.

એન્જિનીયરને સહકાર આપવો જોઈએ.' તરત જ સરદાર પટેલે તેમને અટકાવતાં કહ્યું: ''મિ.પ્રાટ, ઉત્તમ ઉપાય તો એ છે કે અમારા ઉપર લાદેલા આ નાલાયક માણસને નોકરીમાંથી રુખસદ આપવી જોઈએ. એ બતાવો કે મ્યુનિસિપાલિટી એન્જિનિયરે શું માંગ્યું કે જેની મારી કમિટીએ ના પાડી? પૂછો એને, એવો કોઇ પ્રસંગ બન્યો હતો? અને છતાં, ગુજરાત સભાના મંત્રીઓ જયારે તમને મળવા આવ્યા ત્યારે અમારાં ઘરો બાળવાની સલાહ આપવાની ધૃષ્ટતા તમે કરી, જયાં આ બધુ તોફાન ઘડાઈ રહ્યું છે, એવા આ માણસનો બંગલો શા માટે ન બાળવો જોઈએ.''૧૧

સરદારનો મિજાજ પારખીને પ્રેટ અને મેકાસને સ્થળ છોડી જતા રહ્યા. મેકાસે સામે સખત ટીકા કરવામાં આવી હતી. સમયની નાડ તપાસીને મેકાસે પોતાના હોદા પરથી રાજીનામું આપી દીધું. આ જ અરસામાં પાણીના પ્રશ્ન બાબતે મિ. વાડિયા એન્જિનિયર પોતાના કામમાં ગાફેલ અને બેદરકાર હોવા ઉપરાંત એવો ખાઈ બદેલો હતો કે મ્યુનિસિપાલિટીના પ્રમુખની કે નિષ્ણાતોની સલાહ સૂચનોનો અમલ કરતો નહિ.૧૨ તેની બેદરકારી અને નાલાયકીના અનેક દાખલા બહાર પાડીને સરદાર પટેલે ઈજનેરને બોર્ડ સમક્ષ લાવ્યા. તા.૧૯-૦૫-૧૯૧૯ની મિટીંગમાં ઠરાવ રજૂ કર્યો કે વાડિયા ઈજનેરને એકદમ સસ્પેન્ડ કરવો, મ્યુનિસિપલ કમિશનરને વિનંતી કરવી કે, શા માટે તેને બરતરફ ન કરવો જોઈએ? એનો તેની પાસેથી એ ખુલાસો માંગે અને પંદર દિવસની અંદર એ ખુલાસો સેનેટરી કમિટીના રિપોર્ટ સાથ બોર્ડ આગળ રજૂ કરવામાં આવે. ઈજનેર વિરૂદ્ધ આટલા સ્પષ્ટ ખુલાસા અને શહેરને તથા મ્યુનિસિપાલિટીને નુકશાન થતું હોવા છતાં એનો ખુલાસો મંગાવો એના ઉપર અધિકારીના રિપોર્ટ માંગવા, એવા સુધારા લાવીને વાતને ઢીલમાં નાખવાના પ્રયત્નો કેટલાક કાઉન્સિલરોએ કર્યા, પણ છેવટે સરદારનો ઠરાવ બહુમતિથી પસાર થયો. વાડિયાની નાલાયકી વિશે કોઈના પણ મનમાં જરાય વસવસો ન હતો; છતાં સરદારે પુષ્કળ સવાલો પૂછીન બોર્ડ આગળ પૂરતી વિગતો રજૂ કરાવ્યા પછી જ ઠરાવ આવ્યો. જે તેમની અધિકારીઓ પ્રત્યે લોકશાહી ઢબે કામ કરવાની કુનેહ બતાવે છે.

સરદારની કુનેહનો અને અધિકારીઓ સાથ કામ લેવાનો આવો જ પ્રસંગ તા.૨૩-૦૭-૧૯૨૭ ના રોજ અમદાવાદમાં આવેલી રેલનો પ્રસંગ છે. તે સમયે ૩-૪ દિવસમાં સરદાર અને મ્યુનિસિપાલિટી એન્જી. શ્રી ગોરેએ દિનરાત પલળતે શરીરે શહેરમાં ચોતરફ ફરીને પાણીનો ઝડપી નિકાલ ન કર્યો હોત તો નુકશાન વધુ થયું હોત. આ ઉપરાંત મ્યુનિસિપાલિટી ઈજનેરી ખાતાના આખા સ્ટાફની તનતોડ મહેનતે શહેરને ઘણે અંશે બચાવી લીધું. ઉપરાંત સરકારી સહાય અને જરૂરિયાતોને નુકશાનના બદલામાં લોન અપાવવામાં પણ સરદારે ખૂબ મહેનત કરી. આ બધો સમય સરદારે અધિકારીઓ સાથ કેવું કાર્ય કર્યું ? તે સંદર્ભે મિ. ગેરેટે એકવાર સરદારને પૂછયું હતું, આટલા સારા કામ માટે તેમને તમારા મુખ્ય સાથીઓને સરકાર કાંઈ

૧૧ પરીખ, નરહરિ, સરદાર વલ્લભભાઈ (ભાગ-૧), નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૧૯૫૦, પૃ.૫૪.

૧૨ એજન, પૃ.૫૫.

માનચાંદ એનાયત કરે એવી ભલામણ કરીએ તો તેમાં કશો વાંધો છે? સરદાર આ સાંભળી ખડખડાટ હસ્યા. તેમણે જવાબ આપ્યો કે, મારા સાથીઓ તો તમારા માનચાંદથી બારગાઉ દૂર ભાગે એવા છે. સેવાનાં કાર્યોમાં જ એમને આનંદ છે. એમને તો કીર્તિ કે જાહેરાત પણ જોઈતી નથી.૧૩

અહીં સરકારી અધિકારી સરદાર માટે જે માનચાંદની ભાવના દર્શાવે છે તેના પરથી એ સ્પષ્ટ થાય છે કે સરદાર પટેલના અધિકારીઓ સાથના સંબંધો કેવા હતા.

આ ઉપરાંત મુસ્લિમ સ્કૂલ માટે સ્નાતક સુપરવાઈઝરની નિમણૂકનો પ્રશ્ન હોય, રાત્રિ શાળા કરવાની હોય, શિક્ષકો-કર્મચારીને મોંઘવારી ભથ્થુ આપવાનું હોય, પ્લેગના રોગનો ઉકેલ લાવવાનો હોય, વાડીલાલ હોસ્પિટલ બંધાવવાની હોય, સિવિલ હોસ્પિટલની વાત હોય, આ દરેક પ્રસંગે સરદારશ્રીની અધિકારીઓ પાસેથી કામ કઢાવવાની કુનેહ અને તેમની સાથ મળી કામ કરવાની કળાનો અચૂક પરિચય આપણને થાય છે.

જરાપણ ક્ષુબ્ધ થયા વિના અને છતાં આવી પડેલી આપત્તિકારક પરિસ્થિતિમાં જેઓ સહાય કરી શકે તેવા સાથ વિચારણા કરી માર્ગ કાઢવો અને તેમને સાથ રાખી પોતે સ્વસ્થ રહી અને અવળાં પરિણામોની પણ શકયતાઓને ધ્યાનમાં રાખી પોતાને અને પોતાના સાથીઓને તેવી પરિસ્થિતિમાં જે ઈષ્ટ લાગે તે કરતા રહેવું એ વલ્લભભાઈના સ્વભાવની ખાસિયત હતી.૧૪

---

૧૩ એજન, પૃ.૩૮૬.

૧૪ ભટ્ટ, સિદ્ધાર્થ ન., પૂર્વોક્ત, પૃ. ૩૨-૩૩.